# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1) **રાજ્યમાં ઘરેલું જરૂરિયાત માટેના LPG ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની સરકારની સ્પષ્ટતા.**

2) **શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, મહિલા અને બાળ વિકાસ, ગ્રામ વિકાસ અને આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ વિધાનસભામાં પસાર.**

3) **રોકાણકારો સાથે ત્રણ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનારા આરોપીની સાબરકાંઠાથી ધરપકડ.**

4) **રાજ્યમાં આગામી બે દિવસ ગરમીનું મોજું ફરી વળવાની આગાહી.**

5) **અમદાવાદમાં આજથી ચાર દિવસની ઑપન ગોલ્ફ ચેમ્પિયનશીપનો પ્રારંભ.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો

# LPG SUPPLY IN STATE

મધ્ય-પૂર્વ સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે રાજ્યમાં ઘરેલું જરૂરિયાત માટેના LPG ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું રાજ્યના અન્ન નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા જણાવાયું છે.

સત્તાવાર યાદી મુજબ, જાહેર ક્ષેત્રની ઑઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા LPG બાટલાના બુકિંગ વચ્ચે 25 દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય કરાયો છે. સાથે જ PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાતની સ્થિતિ વધુ સારી છે.

રાજ્યમાં LPG બાટલાઓના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસ અને દેખરેખ રાખવામાં આવી રહી છે.

# AMUL GAS SUPPLY

ખાડી દેશમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સરકારે ગેસના પૂરવઠામાં અમૂલને પ્રાથમિકતા આપતા ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ મહામંડળ–GCMMFના વહીવટી સંચાલક જયેન મહેતાએ સરકારનો આભાર માન્યો છે. તેમણે કહ્યું, તમામ ડેરી પ્લાન્ટ કોઈ પણ વિક્ષેપ વિના કાર્યરત્ રહેશે.

(BYTE: JAYEN MEHTA, MD, GCMMF)

# DILIP SANGHANI ON AGRICULTURE

**ઇફ્કોના અધ્યક્ષ દિલીપ સાંઘાણીએ ગેસની અછત અંગે લોકોને ન ગભરાવવા અપીલ કરી છે. સુરતમાં એક કાર્યક્રમમાં તેમણે આ નિવેદન આપ્યું હતું.**

**(BYTE: DILIP SANGHANI)**

# AND GOVIND PARMAR TRIBUTE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ઉમરેઠના ધારાસભ્ય સ્વર્ગીય ગોવિંદ પરમારને શ્રદ્ધાંજલિ આપી. ચિખોદરા ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં મુખ્યમંત્રીએ સંતૃપ્ત પરિવારજનોને મળી તેમને સાંત્વના પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, સ્વર્ગીય ગોવિંદ પરમાર વર્ષ 1975થી જાહેરજીવનમાં સક્રિય હતા. તેમણે ચિખોદરા ગામના સરપંચ તરીકે તેમની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. વર્ષ 1995માં તેઓ પહેલી વાર ધારાસભ્ય બન્યા હતા.

# VIDHANSABHA MANGANI PASAR

**ગુજરાત વિધાનસભામાં આજે ગ્રામ વિકાસ વિભાગની ત્રણ હજાર 725 કરોડ રૂપિયાની, શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગની બે હજાર 902 કરોડ રૂપિયાની, મહિલા અને બાળવિકાસ વિભાગની સાત હજાર 689 કરોડ રૂપિયાથી વધુની અને આદિજાતિ વિકાસ વિભાગની અંદાજપત્રિય માગણીઓ પસાર કરવામાં આવી.**

(VOICECAST: PRAVESH ADIACHA)

*(ગુજરાત વિધાનસભામાં ગ્રામ વિકાસ વિભાગની જોગવાઈ અંગે ગ્રામવિકાસ મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું, આ બજેટનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં ઘરનું ઘર પૂરું પાડવાનો, રોજગારીની તક વધારવાનો અને મહિલા સશક્તિકરણને વેગ આપવાનો છે. આ બજેટથી વિકસિત ગામ થકી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની માગણીઓ અંગે શ્રી બાવળિયાએ કહ્યું, અર્નિંગ વેલ, લિવિંગ વેલ એ રાજ્યના શ્રમિકો અને યુવાનોના સર્વાંગી ઉત્કર્ષ માટે સરકારનું મક્કમ પગલું છે. તેમણે કહ્યું, પુરૂષ શ્રમિકોની ભાગીદારીમાં રાજ્ય દેશભરમાં પ્રથમ અને મહિલાઓ બીજા ક્રમે છે. રાજ્યના શ્રમિકોને પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજન મળે તે માટે 300 નવા કેન્દ્ર અને 500 ધન્વંતરિ આરોગ્ય રથ કાર્યરત્ કરાશે તેમ પણ શ્રી બાવળિયાએ ઉંમેર્યું.*

*આદિજાતિ વિકાસ વિભાગની અંદાજપત્રિય માગણીઓ અંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, રાજ્ય સરકારે 35 હજાર કરોડ રૂપિયાથી વધુનું ઐતિહાસિક બજેટ ફાળવીને આદિજાતિ ઉત્કર્ષ માટે વિશેષ કામ કર્યું છે. વધુમાં તેમણે કહ્યું, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે પહેલા તબક્કામાં 15 આદિજાતિ તાલુકામાં પાયલટ પ્રોજેક્ટ હેઠળ અદ્યતન બિરસા મુંડા ગ્રંથાલય બનાવાશે. જ્યારે આશ્રમશાળા–છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓના નિભાવ ભથ્થું વધારીને બે હજાર 500 રૂપિયા કરાયું હોવાનું પણ તેમણે ઉંમેર્યું હતું.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SABARKANTHA FRAUD ARREST

સાબરકાંઠા પોલીસે બનાવટી સ્કીમના નામે ત્રણ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનારા મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આ આરોપી એક કંપની બનાવી ઉંચા વળતર અપાવવાની લાલચ આપીને રોકાણકારોને છેતરતો  હોવાનું નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક એ. કે. પટેલે જણાવ્યું.

(BYTE: A. K. PATEL, DySP, SABARKANTHA)

# CYBER FRAUD

ભાવનગર જિલ્લા સહકારી બેંકની 4 શાખાના સર્વર હેક કરી 7 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી અંગે ગાંધીનગરના સીઆઈડી સાયબર ગુના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. હાલ બેન્કની કામગીરી બંધ રહેતા ખતધારકો મુશ્કેલીમાં મુકાયા છે. સાતથી નવ માર્ચ સુધી બેન્કના ચાર જેટલા ખાતામાંથી રૂપિયાની લેવડ-દેવડ કરીને આ છેતરપિંડી થઈ હોવાનું બેન્ક મેનેજરે જણાવ્યું હતું.

# EVE WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ હીટવેવ એટલે કે, ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. ત્યારબાદ ગરમીમાંથી આંશિક રાહત મળી શકે છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને આણંદમાં રાત્રે અતિશય ગરમી પડી શકે છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન વડોદરા, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટમાં નોંધાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, વેરાવળ, દીવ, સુરેન્દ્રનગર, કેશોદ અને ડીસામાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સૅલ્સિયસ રહ્યાના અહેવાલ છે.

# AMDAVAD GOLF TOURNAMENT

અમદાવાદમાં આજથી ચાર દિવસની ઑપન ગોલ્ફ ચેમ્પિયનશીપનો પ્રારંભ થયો. તેમાં વિદેશના 24 સહિત કુલ 143 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. કલ્હાર બ્લ્યૂઝ અને ગ્રીન ગોલ્ફ ક્લબ ખાતે રમાતી આ સ્પર્ધામાં ભારતના અગ્રણી ખેલાડી યુવરાજ સંધુ, વીર અહલાવત અને ઓમપ્રકાશ ચૌહાણ પણ મેદાનમાં છે.

આ સ્પર્ધામાં અંદાજે બે કરોડ 76 લાખ રૂપિયાની ઈનામી રકમ રાખવામાં આવી છે. ભારતીય પ્રોફેશનલ્સ ગોલ્ફર્સ માટે આ એક મહત્વનું મંચ છે.

# ODISHA FOREST OFFICERS

ઓડિશાના વન અધિકારી તાલીમાર્થીઓએ ગાંધીનગરમાં “ગીર” ફાઉન્ડેશન અને ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લીધી. પશ્ચિમ ભારત શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે આવેલા આ તાલીમાર્થીઓને ગીર ફાઉન્ડેશનના અધિકારીઓએ રાજ્યના વન વિસ્તાર, વન્યજીવો, વન સંરક્ષણ, જૈવિક વિવિધતા વગેરે અંગે માહિતી આપી.

# NAVSARI UNI CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતી દ્વારા સ્વસ્થ સમાજના નિર્માણમાં યુવાનોની ભૂમિકા પર ભાર મૂક્યો. નવસારી કૃષિ યુનિવર્સિટીના 21-મા પદવીદાન સમારોહને સંબોધતા રાજ્યપાલશ્રીએ કૃષિ ક્ષેત્રના વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે નવા સંશોધન કરીને કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 36 તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ માટે 57 સુવર્ણ ચંદ્રક એનાયત કર્યા. જ્યારે કુલ 693 વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવી.

# DAK ADALAT

પાલનપુર તાલુકામાં બનાસકાંઠા ડિવિઝન દ્વારા આગામી 23 માર્ચે ડાક અદાલત યોજાશે. તેમાં ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા તેમજ બચત બેંકને સંબંધિત પ્રશ્નોનું સ્થળ પર નિવારણ કરાશે. પરંતુ, નીતિ-વિષયક મુદ્દાઓ અંગે આ અદાલતમાં સુનાવણી નહીં કરાય.

લોકોએ પોતાની ફરિયાદ આગામી 20 માર્ચ સુધી મળી જાય તે રીતે અધિક્ષક ડાકઘરની કચેરી, બનાસકાંઠા ડિવિઝન, પાલનપુરને મોકલી આપવાની રહેશે.